ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૬૭ ટકા

# દેના ગુજરાત ગ્રામીણ બેંકની શાહપુર બ્રાન્ચમાં કરોડનો ગોટાળો

## બેંકના પુર્વ મેનેજર સહિત આઠ શખ્સો સામે નાણાંની ઉચાપત કરી છેતરપીંડી આચરી હોવાનો ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૫

દેના ગુજરાત ગ્રામીણ બેંકની ગાંધીનગર નજીક ગીફ્ટસીટી સ્થિત શાહપુર બ્રાન્ચમાં એક કરોડ રૂપિયાનો ગોટાળો કરી ઉચાપત અને છેતરપીંડી થઈ હોવાની પોલીસ ફરીયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે. બ્રાન્ચ મેનેજરે પુર્વ મેનેજર સહિત આઠ શખ્સો સામે ફરિયાદ આપતા ડભોડા પોલીસે ગુનો દાખલ કરીને ઊંડી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ શાહપુર બ્રાન્ચ દેના ગુજરાત ગ્રામીણ બેંકના મેનેજર રતનલાલ ટહેલરામ ખિલવાણીએ ડભોડા પોલીસ મથકમાં બેંક સાથે પુર્વ મેનેજર સહીત એક ટોળકીએ મળીને કરેલી ઉચાપત અને છેતરપીંડી અંગે ફરીયાદ નોંધાવી છે. શહેરના સેક્ટર-૨-બી પ્લોટ નં. ૩૦૩/૨ ખાતે રહેતા શાહપુર બ્રાન્ચના પુર્વ મેનેજર એસ.આર. ખરાડી ઉપરાંત માણસાના સંતોષ કે. રાવળ, રતનપુરના લાલસિંહ શેતાનસિંહ બિહોલા, પાલજના યુવરાજસિંહ માનસિંહ બિહોલા, દહેગામના જલુન્દ્રાના મહેશ રમણભાઈ પટેલ, પાલજના ઘનશ્યામ વલ્લભભાઈ પરમાર, લવારપુરના સુરેશ હીરાલાલ તિવારી અને મોટી શિહોલીના મહેશ કોદરભાઈ પટેલ સહિતની ગેંગ સામે ગુનો નોંધાવા પામ્યો છે. વર્ષ ૨૦૧૪થી ૨૦૧૬ દરમ્યાન આરોપીઓએ મેળાપીપણુ કરી પોતાની સત્તાનો દુરુપયોગ કરીને ૨૪ લોન એકાઉન્ટમાં ખોટા દસ્તાવેજી પુરાવા અને ખોટી સહીઓ કરી આજુબાજુની બેંકો પાસેથી નો ડ્યુ સર્ટી મેળવ્યા સિવાય રૂ. ૧,૦૬,૬૧,૪૦૦ની લોન મંજુર કરીને નાણાંની ઉચાપત કરી લીધી છે. ઉચાપત કરીને આ ગેંગે બેન્ક સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો હોવાની ફરીયાદ આધારે ડભોડા પીએસઆઈ ડી.બી. વાળાએ આઈપીસી કલમ ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧ અને ૧૧૪ મુજબ ગુનો નોંધી ઊંડી તપાસ શરૂ કરી છે.

# નવીન શાહ સાથે ફોન પર વાત કરવા એક શખ્સને ટ્રેઈન કર્યો હતો

### સોલાના આ શખ્સને એલસીબીની ટીમે દબોચી લીધો : આરોપી ૧૦ દિવસના રિમાન્ડ પર : વાત્રક નદીમાંથી સર્ચ દરમ્યાન પોલીસને મહત્વનો પુરાવો મળ્યો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર એલસીબીની ટીમે ચકચારી નવીન શાહ હત્યા કેસમાં




વધુ એક આરોપીની ધરપકડ કરી લીધી છે. નવીન શાહને ફોન પર વાત કરી જાળમાં ફસાવવા માટે આ ગેંગ દ્વારા એક શખ્સને અલગથી તૈયાર કરવામાં આવ્યો હતો. સોલા ભાગવતના આ શખ્સને એલસીબીની ટીમે દબોચી લઈ કોર્ટમાં રજુ કરતાં કોર્ટે તેની પુછપરછ માટે ૧૦ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. તો બીજી તરફ ગઈકાલે વાત્રક નદીમાં સાત કલાકના સર્ચ દરમ્યાન પોલીસને મહત્વના પુરાવા સ્વરૂપે નવીન શાહનું આઈકાર્ડ મળી આવ્યું છે. હજુ કેટલાક ફરાર શખ્સોને પકડવા ટીમો દોડી રહી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ જે.ડી. પુરોહીત તથા તેમની ટીમે નવીન શાહના અપહરણ કરી હત્યા કરવાના ગુનામાં જીગ્નેશ ભાવસાર, રમેશ પટેલ અને શૈલેષ પટેલની ધરપકડ કરી લીધી છે. ત્રણેય આરોપીઓ હાલ રિમાન્ડ ઉપર છે. ગઈકાલે શૈલેષ અને રમેશને સાથે રાખીને ફાયરબ્રિગેડની ટીમ તથા એફએસએલ અધિકારી સાથે વાત્રક નદીમાં સર્ચ કર્યુ હતુ. સાત કલાકની જહેમત બાદ નદીમાંથી નવીન શાહનું

● અનુસંધાન પાના - ૭ પર

## સેક્ટર-૧૨ના જ-ટાઈપ મકાનોમાં ગંદકી તથા પશુઓનો ત્રાસ

ગાંધીનગર, તા. ૫

સેક્ટર-૧૨ કેટેગરી જ-૨ના મકાનોમાં રીનોવેશન થતુ હોવાથી અસહ્ય ગંદકી થવા પામેલ છે. બંધ અને તુટી ગયેલા મકાનોમાં પશુઓ-કૂતરાઓ નિવાસ કરતા રહેવાસીઓ ગંદકીથી ત્રાસી ગયા છે. ચોમાસાની ઋતુમાં રોગચાળો ફાટી નીકળવાનો ભય છે. તો સત્તાવાળાઓએ તાત્કાલિક સફાઈ કરવાવવાની જરૂર છે. તેમ રહેવાસીઓની માંગણી છે.

## શ્રીજીની હવેલી મંદિર ખાતે ચિત્ર હરિફાઈ

ગાંધીનગર, તા. ૫

હવેલી મંદિર સેક્ટર-૨૧માં પ્રતિ વર્ષની જેમ જન્માષ્ટમીના તહેવારના દિવસે હવેલી મંદિર ખાતે સવારે નવથી અગીયાર સુધી ચિત્ર હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું છે. હરિફાઈમાં ભાગ લેવા માટે સ્પર્ધકે મંદિરના કાર્યાલયમાં ફોર્મ ભરવાનુ રહેશે. તા. ૧૩મી ઓગષ્ટ સાંજે ૬ વાગ્યા સુધી ફોર્મ ભરી શકાશે. તેમ માનદમંત્રી હર્ષદભાઈ ગાંધીએ જણાવેલ છે.

## વાંકાનેરડા ખાતે વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર તાલુકાના વાકાનેરડા ગામના પૂર્વ સરપંચ નટવરભાઈ મણીભાઈ પટેલની ૧૪મી પૂણ્યતિથીએ તેમના પુત્ર મહેશ પટેલ દ્વારા વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરાયું છે. આગામી તા. ૮ ઓગષ્ટને મંગળવારે સવારે ૯ થી ગામના રીલાયન્સ હોલમાં નેત્ર નિદાન કેમ્પ યોજાશે. આ કેમ્પમાં સૌ ગ્રામજનોને લાભ લેવા અનુરોધ કરાયો છે. કેમ્પમાં આંખની તકલીફવાળાને જરૂરી દવાઓ વિનામૂલ્યે આપવામાં આવશે.



શહેરમાં સોમવારે રક્ષાબંધનનું પર્વ ભારે હેતપૂર્વક ઉજવાશે. રક્ષાબંધનના પર્વમાં બહેન દ્વારા ભાઈની સુરક્ષાની કામના કરવામાં આવે છે અને રાખડી બાંધી ભાઈની સફળતા સુખ-સમૃદ્ધિ માટે અભ્યર્થના કરે છે. શહેરના ગાયત્રી પરિવારની બહેનો દ્વારા એસ.ટી. ડેપોમાં ડ્રાઈવર્સ તથા અન્ય સ્ટાફને તેમની સુરક્ષાની કામના સાથે રક્ષાબંધન કરી મ્હો મીઠું કરાવાયું હતું.

## એસ.કે. પટેલના બાળકોની કેમ્પસ વિઝિટ

ગાંધીનગર, તા. ૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.કે. પટેલ પ્રિ-પ્રાઈમરી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં તા. ૨૮ જુલાઈથી ૧ ઓગષ્ટના રોજ બાળકોને 'કેમ્પસ વિઝિટ' કરાવવામાં આવી હતી. ક્રિએટિવ જોન, એમ.બી. પટેલ કન્યા શાળા, નાથીબા કોલેજ, એસ.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ વગેરે શાળા-કોલેજના બિલ્ડીંગ જોઈને બાળકોને ખૂબ આનંદ થયો હતો.

ક્રિએટિવ જોનમાં કડી કેમ્પસના બાળકોએ તૈયાર કરેલા આર્ટ અને ક્રાફ્ટના નમૂનાઓ જોઈ બાળકો રોમાંચિત થઈ ગયા હતા.



**એસ.કે. પટેલમાં બાળકોએ કરી રક્ષાબંધનની ઉજવણી**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં રક્ષાબંધન પર્વની ધમાકેદાર ઉજવણી કરવામાં આવી. શાળાની વિદ્યાર્થીનીઓએ વિદ્યાર્થીઓના કપાળ પર કુમકુમ તિલક કરી, તેમને રાખડી બાંધી ભાઈની રક્ષા માટે પ્રાર્થના કરી હતી. જ્યારે વિદ્યાર્થીઓએ વિદ્યાર્થીનીઓને શુભેચ્છા પાઠવી હતી. તમામ બાળકોએ એકબીજાને ચોકલેટ ખવડાવીને મોં મીઠું કરાવ્યું હતું. શિક્ષિકાઓએ ભાઈ-બહેનના આ પવિત્ર પર્વ વિશે બાળકોને સવિસ્તર જાણકારી આપી હતી.

# સ્વાતંત્રતા પર્વ નિમિત્તે સરકારી વિજ્ઞાન કોલેજમાં વૃક્ષારોપણ

### હેપ્પીયુથ ક્લબ તથા એનએનએસ યુનિટના સંયુક્ત ઉપક્રમે ૭૧મા સ્વાતંત્ર્ય પર્વને અનુલક્ષીને ૭૧થી વધુ વૃક્ષોનું વાવેતર કરાયું

ગાંધીનગર, તા. ૫

આજે ગાંધીનગરના હેપ્પી યુથ ક્લબ દ્વારા સે. ૧૫ની સરકારી સાયન્સ કોલેજ કેમ્પસમાં



એનએનએસ યુનિટના સંયુક્ત ઉપક્રમે સ્વાતંત્ર્ય પર્વના ઉપક્રમે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં સ્વાતંત્ર્યતાની ૭૧મી વર્ષગાંઠ નિમિત્તે ૭૧થી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

હેપ્પી યુથ ક્લબ તથા સાયન્સ કોલેજના એનએનએસ યુનિટના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય કે.જી. છાયા, એનએનએસ યુનિટના પ્રોગ્રામ ઓફિસર યુ.પી. તરપદા, હેપ્પી યુથ ક્લબના પ્રમુખ સમીર રામી તથા મંત્રી હરકિશનસિંહ વાઘેલા, કોલેજના અધ્યાપકગણ તથા હેપ્પી યુથ ક્લબના અન્ય સભ્યો સહિત એનએનએસ યુનિટના ૫૦થી વધુ સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે પ્રાર્થના બાદ દેશના વીરશહીદ જવાનો, અમરનાથ યાત્રામાં ત્રાસવાદી હૂમલામાં મૃત્યુ પામનારા યાત્રાળુઓ તથા ગુજરાતમાં અતિવૃષ્ટિના કારણે મોતને ભેટેલા અસંખ્ય નાગરિકોને મૌન પાળી શ્રદ્ધાંજલિ સમર્પિત કરવામાં આવી હતી. કોલેજ કેમ્પસમાં કુલ ૮૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. જેમાં કણજા, ગુલમહોર, સીતાફળ, પિસ્તા, ગરમાળો, ઉમરો વગેરેનો સમાવેશ થાય છે. આ સાથે તમામ વૃક્ષોના જતન માટે એનએનએસના સ્વયંસેવકોએ વૃક્ષો દત્તક લઈ જવાબદારી સ્વીકારી હતી.



**સેક્ટર-૨૭ ખાતે નવી વધારાની ગટરલાઈનનું ખાત મુહૂર્ત**

ગાંધીનગર શહેરના વોર્ડ નં. ૧ના સમાવિષ્ઠ સે. ૨૭ના વર્ષો જુના ગટર ચોકઅપ થઈ જવા તથા ગટર ઉભરાઈ જવાના ગંભીર પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે કોર્પોરેટર બરખાબેન જ્હા દ્વારા માર્ગ અને મકાન વિભાગ પાસે સતત રજુઆતો અને માંગણીના અનુસંધાને વિભાગ દ્વારા અંદાજીત રૂ. ૧૫ લાખના ખર્ચથી નવી ગટરલાઈન નાખવાના કામનું ખાત મુહૂર્ત આજરોજ મહારાણા પ્રતાપ સ્કૂલ સે. ૨૭ ખાતે કરવામાં આવ્યુ. આ પ્રસંગે કોર્પોરેટર બરખાબેન જ્હા, કા.ઈ. એમ.જે. ઠક્કર, ના.કા.ઈ.જા. કૌશીકભાઈ શાહ, એસ.ઓ. મકવાણાભાઈ, કોન્ટ્રાક્ટર ચંદ્રકાન્તભાઈ પટેલ તથા સે. ૨૭ના રહેવાસીઓ ખુબ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત

# ચરાડા, અડાલજ અને કલોલ ખાતે મહિલા આયુર્વેદ નિદાન કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લામાં તા.૧ થી ૧૫મી ઓગષ્ટ દરમ્યાન મહિલા સશકિતકરણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત આજરોજ જિલ્લા આયુર્વેદ કચેરી દ્વારા અડાલજ, ચરાડા અને કલોલ ખાતે મહિલા આયુર્વેદ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી ભાવનાબેન પટેલે મહિલા આયુર્વેદ નિદાન કેમ્પની માહિતી આપતાં જણાવ્યું હતું કે ગાંધીનગર જિલ્લાના ચરાડા, અડાલજ અને કલોલ ખાતે આજરોજ સી.એચ.સી ખાતે આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં મોટી સંખ્યામાં મહિલાઓએ લાભ લીધો હતો. જેમાં માણસા તાલુકાના ચરાડા ગામ ખાતે યોજાયેલ કેમ્પમાં ૫૩, અડાલજ ખાતે યોજાયેલ કેમ્પમાં ૫૧ અને કલોલ ખાતે યોજાયેલ કેમ્પમાં ૬૦ મહિલાઓની સારંવાર કરવામાં આવી હતી. મહિલાઓને તેમના સ્વાસ્થ્ય માટે જરૂરી એવો ટોકનીક અને દવાઓ પણ આપવામાં આવી હતી.

આ કેમ્પને સફળ બનાવવામાં ડાં. પીના જોષી, ડાં. વર્ષા ચૌધરી અને ડાં. હેમાંગિની આર્ય અને તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. તે ઉપરાંત તમામ કેમ્પનું સંકલન કરવાનું કામ ડાં. કામિની વ્યાસે કર્યુ હતું.

## આઈ લવ માય ગાંધીનગર



**રીટા કેતનભાઈ પટેલ**
નગરસેવક

**ગાંધીનગર ગમે**
ગાંધીનગર એ અન્ય શહેરો કરતાં ક્લિન છે. અહીં હરિયાળી વધારે માત્રામાં હોવાથી અને વસતીની ગીચતા ન હોવાથી આ શહેર ગમે છે.

**નગરજનો**
શિક્ષિત અને સંસ્કારી નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
જ્યોતિ મહિલા મંડળ તથા ચામુંડા મંડળ દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
નગરના વિવિધ માર્ગો પર ઓળચિહ્નો દર્શાવતાં બોર્ડ મૂકવામાં આવે તો બહારગામથી આવતા લોકોને તકલીફ ન પડે.

**નગર માટે હું કરી શકું**
સ્વચ્છતા માટેના સઘળા ઉપક્રમો માટે હું મારી સહાય નગરને આપવા માટે તૈયાર છું.

## @ગાંધીનગર

- સંસ્કાર ગ્રુપ દ્વારા સેક્ટર-૭ બગીચા ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૩૦ કલાક દરમિયાન ફ્રેન્ડશીપ ડે અને રક્ષાબંધન પર્વની ઉજવણી કરાશે.
- દિવ્ય જીવન સંઘ ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા સેક્ટર-૨૭ આનંદનગર પ્લોટ નં. ૨૦૫ ખાતે સવારે ૯ કલાકે મળશે.
- શ્રીમદ્ ભાગવત કથામાં હરિદ્વાર જનાર યાત્રિકોને સાંજે ૫ થી ૬ કલાક દરમિયાન સેક્ટર-૭ ભારત માતા મંદિર પરિસર ખાતે આઈકાર્ડ આપવામાં આવશે.
- સ્વામિનારાયણ મંદિર સેક્ટર-૨૩ ખાતે બહુવિધ સૂકામેવાના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને ઝુલાવવામાં આવશે. દર્શન સમય સાંજે ૫ થી ૮ કલાકે છે.
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેક્ટર-૨૬ દ્વારા શિવમહિમ્ન પાઠ રાત્રે ૯ થી ૧૦ કલાકે હર્ષદકુમાર શાસ્ત્રી પ્લોટ નં. ૧૨૬/૨ કિસાનનગર ખાતે રાખવામાં આવેલ છે.
- વાવોલ રામધામ ખાતે ચલણી નવી નોટો તથા રૂપિયા, સિક્કાના કલાત્મક હિંડોળા યોજાશે.
- સેક્ટર-૨૩ બ્રહ્મ સમાજ દ્વારા સોમનાથ મહાદેવ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના સૌ ભક્તો દ્વારા રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન કરવામાં આવશે.
- શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સેક્ટર-૨૧ ખાતે વાલના કલાત્મક હિંડોળા તૈયાર કરાશે.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા શિવમહિમ્ન પાઠ ભરતભાઈ ત્રિવેદી બી-૫૦૩, પ્રમુખ એલેગન્સ, રાયસણ પેટ્રોલ પંપ પાસે યોજાશે.

## આજે રાજપુત સમાજ ગાંધીનગરની સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૫

શ્રી રાજપુત સમાજ ગાંધીનગરના પ્રમુખ ડૉ. શંકરસિંહ રાણાએ જણાવ્યું હતું કે આજે તા. ૬-૮-૧૭ના રોજ સામાન્ય સભા અને તેજસ્વી તારલાઓના સન્માન સમારંભ બાશ્રી હંસાબા ચંદનસિંહ રાજપુત ભવન ખાતે યોજાશે. ગાંધીનગરની સને ૨૦૧૬-૧૭ અંતિત વર્ષની સામાન્ય સભા બપોરે ૧૨ કલાકે રાજપુતભવન ખાતે રાખવામાં આવી છે. ધો. ૧ થી ૧૨ સ્નાતક અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ અને વિશિષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર સમાજના ભાઈ-બહેનોનો સન્માનવાનો કાર્યક્રમ બપોરે ૨ થી ૪ કલાકે યોજાશે. તો સમાજના ભાઈ-બહેનો વિદ્યાર્થીઓ વિગેરેને હાજર રહેવા પ્રમુખ ડૉ. શંકરસિંહ રાણા, મહામંત્રી પ્રદિપસિંહ બિહોલા, સંયોજક પ્રદિપસિંહ વાઘેલા, પ્રચાર સમિતિના વિનોદ રાઠોડે અખબારી યાદીમાં જણાવ્યું છે.

## દુ:ખદ અવસાન

દિલગીરી સહ જણાવવાનું કે અમારા નાનાભાઈ હિતેશકુમાર ગજાનન ભટ્ટના ધર્મપત્ની અ.સો. હંસા હિતેશકુમાર ભટ્ટનું દુઃખદ અવસાન તા. ૧-૮-૧૭, મંગળવારના રોજ થયેલ છે. સદ્ગતનું બેસણુ તા. ૬-૮-૧૭ રવિવારના રોજ સવારે ૮ થી ૧૨ સે. ૨૪ રંગમંચ ખાતે રાખવામાં આવેલ છે. જ્ઞાતિનું દસમુ રાખેલ નથી તેમજ પિયરપક્ષનું બેસણુ પણ આજ સ્થળે રાખવામાં આવેલ છે.